સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૪-૯-૨૦૦૧ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

::::::::::::::::

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૧૭-૮-૦૧ ના પત્ર નં.સીમીસ/૮/૨૨ થી વિદિત થઈ,તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી તથા શહેર વિકાસ અધિકારીશ્રી સાથે ચર્ચાવિચારણા કર્યા બાદ, નગર રચના યોજના સુરત નં.૪૫ (જહાંગીરપુરા-પીસાદ)ને નીચે જણાવેલ સુધારાઓ કરી સદર યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ-૪૨(૧) અને અધિનિયમોના નિયમો-૧૯૭૯ ના નિયમ-૧૮ અન્વયે જાહેર સ્થળોએ તેમજ તે માટેના અધિસૂચનને સરકારી રાજ્યપત્રમાં તથા સ્થાનિક વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતા કોઈપણ બે વર્તમાનપત્રમાં એક વખત પ્રસિધ્ધ કરવાની તેમજ સ્કીમ વિસ્તારમાં જાહેર સ્થળોએ પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવા મંજુરી આપવાનું તથા સરકારશ્રીમાં જરુરી પત્રવ્યવહાર કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

૧. મૂળખંડ નં.૨૯ પૈકીની રસ્તારેખા હેઠળ કપાત થયા બાદ બાકી રહેતી જગ્યા ફા.પ્લોટ તરીકે એજ મૂળ પ્લોટને ફાળવી જરુરી વધારાનો અંતિમ ખંડ મૂળ પ્લોટ નં.૨૨ માંથી ફાળવવો.

૨. મૂળખંડ નં.૪૨, ૧૩ અને ૧૨ માંથી પસાર થતો ૧૨.૧૯ મીટરનો રસ્તો વળાંકવાળો હોય મૂળખંડ નં.૩૯ થી ૪૨ સુધીનો ૧૨.૧૯ મીટરનો ટી.પી.રોડ સીધો કરવા જરુરી આનુસાંગિક ફેરફારો કરવા.

૩. આર-૧૮ સબ સેન્ટરના હેતુ માટેના રીઝર્વેશન પ્લોટને ૪૫ મીટરના રસ્તાથી મળતા એપ્રોચની પહોળાઈમાં વધારો કરવા આનુસાંગિક ફેરફારો કરવા.

૪. મોજે જહાંગીરપુરાના બ્લોક નં.૪૧ ના મૂળખંડ નં.૫૮/એ તથા ૫૮/બી માંથી ટી.પી.સ્કીમ હેઠળ કપાત થતી તમામ જમીનનો કબજો સુરત મહાનગરપાલિકાને લેખિતમાં તેમજ સ્થળ પર સુપ્રત કરવાની શરતે સદરહુ મૂળખંડના માલિકને આર-૧૯ ની જગ્યાએ અંતિમખંડ ફાળવવો તથા આર-૧૯ ને મૂળખંડ નં.૫૮/એ ની જગ્યાએ સ્થળાંતર કરવા જરુરી સુધારા કરવા.

<u>ઠરાવ નં.૬૨/૨૦૦૧ સર્વાનુમતે મંજુર</u>

સ.ર.મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

ઈ/ચાસેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા

નં. સામાન્ય ... ૭૪૫
તા.૧૦/૯/૨૦૦૧

Co-ordinating Officer & P.A. to M/c S.M.C.

MC/SMC